લૂંટ ઈરાદે આવેલા સગીર આરોપીની પોલીસ દ્વારા ધરપકડ

અમેરિકાના નોર્થ કેરોલીનામાં ભારતીય યુવકનું ગોળી મારી ખૂન

વિદેશમાં ભારતીયો પર હુમલો તથા હત્યાની વધતા બનાવો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરમાં વસતા લોકોને વિદેશમાં જવાનો ઘણો અભરખો હોય છે. પરંતુ વિદેશમાં હાલમાં ભારતીયોની હત્યા કરાતી હોવાના અનેક કિસ્સા બની ચુક્યા છે. ત્યારે વધુ એક ભારતીય યુવકની અવાર નવાર યુનાઈટેડ સ્ટેટ ઓફ નોર્થ કેરોલીના રોવાન કાઉન્ટીમાં વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતા યુવતીની ગોળી મારીને હત્યા કરાઈ હતી. હત્યા કરનાર સગીર આરોપીને પોલીસ દ્વારા ઝડપી પાડયો હતો.

વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતા મેનાક પટેલ (ઉંવ.36) ધોરણ પાસ કર્યા બાદ આગળ બીબીએના અભ્યાસ માટે યુનાઈટેડ સ્ટેટ ઓફ નોર્થ કેરોલીના ખાતેના રોવાન કાઉન્ટી ખાતે ગયા હતા. ત્યાં તેઓએ અભ્યાસ સાથે યુવકે એરપોર્ટ અને મિલર ચેપ રોડ પર ટોબેક સહિતની વસ્તુઓના સ્ટોર ચલાવતો હતો. દરમિયાન 13 ઓગષ્ટના રોજ યુવકની સ્ટોર પાસે એક શખ્સ લૂંટના ઈરાદે ધશી આવ્યો હતો અને જેથી યુવકની તેની સાથે ઝપાઝપી થઈ હતી. દરમિયાન તેણે યુવક બંદુકમાં ફાયરિંગ કર્યું હતુ. ત્યારબાદ ફાયરિંગ કરનાર શખ્સ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. જેથી ઘવાયેલા યુવકને સારવાર માટે નોવાન્ટ હેલ્થ રોવાન મેડિકલ સેન્ટરમાં લઈ જવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેને ચાર્લોટની પ્રેસ્બીટેરિયન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેને થયેલી ગંભીર ઈજાઓને કારણે તેનું મોત થયું હતું. જોકે ત્યાં લાગવેલા કેમેરામાં એક શખ્સ કેદ થઈ ગયો હતો. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ ગોળીબાર કરનાર શખ્સે લૂંટના ઈરાદે આવ્યો હોવાનું જણાય છે. પરિવારના સભ્યો, પડોશીઓ અને ગ્રાહકો હજુ પણ ઘટનાસ્થળે હાજર પરંત તેમને કોઈ ઈજા થઈ ન હતી. પોલીસે હત્યા કરનાર સગીર વયના આરોપીને ઝડપી પાડ્યો હતો.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સવારે 9 કલાકે તિરંગો ફરકાવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.14

૭૮મા સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી અંતર્ગત મુખ્ય ધ્વજવંદન કાર્યક્રમનું ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં શહેરના રાવપુરા સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ (કુબેર ભવનની પાછળ) ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

સવારે ૯ કલાકે આયોજીત આ રાષ્ટ્રીય પર્વમાં સૌને ઉપસ્થિત રહેવા માટે જિલ્લા વહીવટી તંત્રએ નિમંત્રણ પાઠવ્યું છે. આ પ્રસંગે જિલ્લાના પ્રતિષ્ઠિત કલાકારો, રમતવીરો, વિશિષ્ટ પ્રતિભાઓ, શ્રેષ્ઠ કામગીરી કરનારા સરકારી કર્મયોગીઓનું સન્માન કરવામાં આવશે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે રાજ્ય સરકારની વિવિધ યોજનાકીય સિદ્ધિઓની ઝાંખી કરાવતા ટેબ્લોનું વિવિધ વિભાગો દ્વારા નિદર્શન કરવામાં આવશે. બાળકો દ્વારા દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અગાઉ ગર્લ્સ હોસ્ટેલનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો

મ.સ.યુનિ.ની ગર્લ્સ હોસ્ટેલમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.14

આજકાલ સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થઈ રહ્યા છે જેમાં નામચીન રેસ્ટોરન્ટની વાનગીઓમાં જીવજંતુઓ નીકળી આવવાના દ્રશ્યો સામે આવી રહ્યા છે. તે માટે વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટેલ્સ અને રેસ્ટોરન્ટમાં ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જેમાં બગડેલી વસ્તુઓનો નાશ કરવામાં આવે છે અને સાથે જ હોટેલ્સ કે રેસ્ટોરન્ટ નું રસોડું સ્વચ્છ જણાઈ આવે તો પણ તેમને નોટિસ આપી લેખિતમાં જવાબ માંગવામાં આવે છે.

વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની ટીમ બુધવારે એમએસ યુનિવર્સિટીની સરોજિની દેવી હોલ ખાતે પહોંચી હતી. સરોજિની દેવી હોલ ગર્લ્સ હોસ્ટેલમાં આવેલ મેસમાં આરોગ્ય શાખાની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. થોડા દિવસ અગાઉ ગર્લ્સ હોસ્ટેલ નો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો જેમાં ગર્લ્સ હોસ્ટેલ માં રહેતી વિદ્યાર્થીનીઓ દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. તેમને મેસમાં ગુણવત્તા વગર ની વાનગીઓ પીરસવામાં આવી રહી છે તેવું તેમણે સોશિયલ મીડિયામાં પણ જણાવ્યું હતું.

છેલ્લા 10-12 દિવસથી વડોદરા મહાનગરપાલિકા ની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા શહેરના ઉત્તર ઝોન, પશ્ચિમ ઝોન સહિત ઘણાં બધાં વિસ્તારોની હોટેલ્સ અને રેસ્ટોરન્ટમાં ચેકિંગ કર્યું છે અને સાથે જ એક ઘી બનાવનાર કંપની પર પણ કડક એક્શન લેવામાં આવ્યું હતું. ચેકિંગ જોઈને એવું જણાઈ આવે છે કે ખરેખર વડોદરા મહાનગરપાલિકાને શહેરના નાગરિકોનાં સ્વાસ્થયની ચિંતા છે પરંતુ જોવાનું એ રહેશે કે આ પ્રકારની ચેકિંગ કર્યા બાદ હોટલ્સ અને રેસ્ટોરન્ટ સંચાલકો આ બાબત કેટલી ગંભીરતાથી લે છે.

પુત્ર તથા પાડોશીઓએ દોડી ઘરમાં સંતાઇ ગયેલા યુવકને ઝડપી પાડ્યો

વૃદ્ધાના હાથ-મોઢુ રૂમાલ તથા દોરીથી બાંધી સોનાની ચેન-બંગડીઓની લૂંટ

લુંટારુ યુવક તેમના પાછળના ફળિયામાં રહેતો હોવાનું માલૂમ પડ્યું

કંટ્રોલ પર જાણ કરતા લક્ષ્મીપુરા પોલીસે દોડી વીને લુંટ કરનાર યુવકની ધરપડક આગળની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરના ગોત્રીમાં ગામમાં એકલા રહેતા 87 વર્ષીય વૃદ્ધાના મકાનમાં ઘુસીને લુંટારુ ઘુસી ગયો હતો. ત્યારબાદ તેમના હાથ તથા મોઢુ રૂમાલ તથા દોરીથી બાંધી દીધા બાદ સોનાની ચેન તથા બંગડીઓની લુંટ ચલાવી હતી. દરમિયાન વૃદ્ધાનો પુત્ર તથા પાડોશીઓ દોડી આવતા ઘરમાં સંતાઈ ગયેલા લુંટારુ યુવકને પકડી પોલીસને સોંપતા પોલીસે તેની ધરપકડ કરી હતી.

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલી વેરોના ગ્રીન્સ વુડ્સ સોસાયટીમાં રહેતા સતિષભાઈ ભાનુપ્રસાદ પંડ્યાએ નોંધાવેલી ફરિયાદ નોંધાવી હતી કે મારી માતા શાંતાબેન (ઉંવ. 87) ગોત્રી ગામના મકાન રહે છે. 13 ઓગષ્ટના રોજ મારા માતા શાંતાબેન ઘરે ઘરમાં હતા. તે દરમિયાન એક યુવક મોઢા પર રૂમાલ બાંધીને ઘરમાં ઘુસી આવ્યો હતો. ત્યારબાદ મારી માતાના હાથ તથા મોઢુ રૂમાલથી બાંધી દીધા બાદ ઢસડીને અન્ય રૂમમાં લઇ ગયો હતો. ત્યાં તેણે મારા માતાએ ગળામાં પહેરેલી સોનાની ચેન તથા હાથની બંગડીઓની લૂંટ કરી ફરાર થઈ ગયો હતો. લુંટારૂએ તેમને રોડ પર ઢસેડ્યા હોવાના કારણે મારી મમ્મીના હોઠ તથા કોણીના ભાગે ઈજાઓ પહોંચી હતી. જેથી માતા બુમાબુમ કરતા લુંટારુ ઘરમાં સંતાઈ ગયો હતો. દરમિયાન હુ તથા માતાના ઘરના આસપાસમાંથી દોડી આવેલા લોકોએ ભેગા થઈ ગયેલા છોકરાને નીચે ઉતારતા તેમના પાછળના ફળિયામાં રહેતા મુકેશ રાવજી પઢિયાર રણજીત ઉર્ફે રંગાનો છોકરો મીહીર હોવાનું માલૂમ પડ્યું હતું. જેથી તેની અંગજડત કરતા પેન્ટના ખિસ્સામાંથી મારી માતાની સોનાની ચેન તથા બંગડીઓ મળી હતી. બાદમાં કંટ્રોલ પર જાણ કરતા લક્ષ્મીપુરા પોલીસે દોડી વીને લુંટ કરનાર યુવકની ધરપડક આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રપ્રેમનો ઉત્સાહ

તાલુકા પંચાયત પ્રમુખ અંકિતા પરમારે ઉંધા રાષ્ટ્રધ્વજ સાથે મુકી પોસ્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

સ્વતંત્રતા દિવસ નિમિત્તે અનેક સેલિબ્રિટી, રાજકીય નેતાઓ પોતાના સોશિયલ મીડિયા પર તિરંગા સાથે પોતાની દેશ પ્રત્યેની લાગણી શેર કરતા હોય છે તેવામાં વડોદરા તાલુકા પંચાયતના પ્રમુખ અંકિતા પરમાર દ્વારા પણ રાષ્ટ્રધ્વજ સાથે પોતાનો ફોટો ઈન્સ્ટાગ્રામ પોસ્ટ કરવામાં આવ્યો હતો. પરંતુ તેમના દ્વારા રાષ્ટ્રધ્વજને ઉંધા પકડવામાં આવ્યો હતો.

જે આપણા દેશનું અને રાષ્ટ્રધ્વજનું અપમાન કહેવાય. તાલુકા પંચાયત પ્રમુખ તરીકે આ પ્રકારે ભૂલ કરવી તે કેટલું યોગ્ય છે ? ઈન્સ્ટાગ્રામ પર મૂકવામાં આવેલ ઉંધા રાષ્ટ્રધ્વજ સાથે ની પોસ્ટ વાયરલ થતા અને મીડિયા પાસે પહોંચ્યા બાદ તેમના દ્વારા થયેલ આ ભૂલ તેમને સમજાઈ હતી અને ઉંધા રાષ્ટ્રધ્વજ સાથે મુકેલ તેમનો ફોટો તેમણે ઈન્સ્ટાગ્રામ પરથી ડીલીટ કર્યો હતો. કોઈપણ વ્યક્તિથી રાષ્ટ્રપ્રેમના ઉત્સાહમાં આ પ્રકારની ભૂલ થઈ શકે છે તેમ ઈન્સ્ટા પર તેમના શુભેચ્છકોએ જણાવ્યું હતું.

મેયર પિંકીબહેન સોનીનું બન્યું ફેક વોટ્સ એપ એકાઉન્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરાનાં મેયર પિન્કી સોની દ્વારા તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરાઈ છે કે તેમનું નામ અને ફોટો રાખી કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ફેક વ્હોટસએપ એકાઉન્ટ બનાવ્યું છે. જે દ્વારા લોકોને મેસેજ અને કોલ કરવામાં આવી રહ્યા છે. મેયર પિન્કી સોની દ્વારા વિનંતી કરાઈ છે કે કોલ આવે તો તેનો જવાબ આપો નહીં, નંબર બ્લોક કરવો અને કોઈપણ પ્રકારની માંગણી થાય તો તેને અનુસરવી નહીં.

જુગાર રમતા 6 ખેલી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

હાલમાં શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે ત્યારે ઠેરઠેર જુગારી રમાઇ રહ્યો છે. જેના કારણે પોલીસે વિવિધ વિસ્તારોમાં ચાલતા જુગાર સપાટો બોલાવવાનું શરૂ કર્યું છે. જેમાં વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલા સ્મશાનની બાજુમાં 13 ઓગસ્ટના રોજ કેટલાક લોકો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મકરપુરા પોલીસને મળી હતી. જેના આધારે મકરપુરા પોલીસની ટીમ માહિતી મુજબના સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની દરોડાના પગલે જુગાર રમતા શખ્સોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે સ્થળ પરથી 10 પૈકી 6 ખેલીઓ પરેશ ઉર્ફે કાબરો વિનુભાઈ ઠાકોર, કિશનભાઈ શંકરભાઈ ઠાકોર, અજીતભાઈ હરમાનભાઈ પઢીયાર, નરેશ ઉર્ફે લલ્લો રાજુભાઈ રાઠોડ, ઈમરાન ખુમાનસિંગ ગરાસીયા, રમેશ પ્રભુદાસ રોહીતને ઝડપી પાડયા હતા. જ્યારે સ્થળ પરથી ચાર જણા વિક્કી હેમકાંત જોશી, લાલો વાયરસ, ટીકો તથા વિશાલ લુહારીયા ભાગી જવામાં સફળ રહેતા તેમને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા, 5 મોબાઈલ, 3 ટુ વ્હીલર મળી રૂ. 2.09 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.